

# શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરજી, વેમાર :
# પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપ વિશે અનન્ય નિષ્ઠાનો દશાબ્દી પાટોત્સવ !

**ચૈત્ર** સુદ નવમી, ૨૬ માર્ચ–શ્રીહરિના પ્રાદુર્ભાવની ૨૪૬મી મંગલ તિથિ ! શ્રી હરિકૃષ્ણ, શ્રી ઘનશ્યામ સ્વરૂપે છપૈયા તીર્થમાં અને શ્રી અયોધ્યાજીમાં પ્રભુએ દિવ્ય બાળલીલાઓ કરી. અગિયાર વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી વર્ણીવેશ ધારી પ્રભુએ પુણ્યભૂમિ ભારતનાં તીર્થાટન કર્યાં. અઢાર વર્ષની ઉંમરે ઉદ્ધવજીના અવતારરૂપ શ્રી રામાનંદ સ્વામી સાથે તેઓનું મિલન થયું. અને ઓગણીસ વર્ષે ગુરુદેવ શ્રી રામાનંદ સ્વામીશ્રીએ શ્રીહરિને સત્સંગ ધુરા સોંપી, ગુરુગાદી પર બિરાજમાન કરી શ્રી સહજાનંદ સ્વામી નામાભિધાન કર્યું.

તે પછીના માત્ર ત્રીસ વર્ષના સમયગાળા દરમિયાન અક્ષરાતીત પરબ્રહ્મ તત્ત્વ શ્રીહરિ સહજાનંદ સ્વામીએ આ પૃથ્વી પર અભૂતપૂર્વ, અલૌકિક, અતિ દિવ્ય યુગકાર્યો રૂપી અનેક કૃપાશિષ વરસાવ્યાં : 'ૐ સ્વામિનારાયણ' મહામંત્ર ઉદ્‌ઘોષ, સનાતન વૈદિક પરંપરાના ભાગરૂપ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય–સત્સંગ–સમાજના ઉદ્‌ભવ અને પ્રસાર, છ શિખરબદ્ધ ભવ્ય મંદિરોનાં નિર્માણ, સદ્‌શાસ્ત્રોનાં પ્રાગટ્ય–પ્રકાશન, પરમ દિવ્ય તેજસ્વી ૫૦૦ પરમહંસ સંતોનાં અણમોલ વરદાન; અને તે સૌના પ્રાણરૂપ અનાદિ અક્ષરબ્રહ્મના તત્ત્વને ધારણ કરનારા મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ કરાવી, શ્રીહરિએ અક્ષરપુરુષોત્તમની શાશ્વત પ્રગટની ઉપાસનાનાં સ્થાપન, ઉદ્‌ઘોષ અને 'શ્રી વચનામૃત' જેવાં સદ્‌શાસ્ત્રો દ્વારા તે ઉપાસનાનાં પ્રવર્તન કર્યાં.

આ દૃષ્ટિએ પ્રભુ શ્રી સહજાનંદ સ્વામીએ આ પૃથ્વી પર એક આધ્યાત્મિક ઉત્ક્રાંતિ આણી. ચારેય વેદ, સર્વ ઉપનિષદો, અઢાર પુરાણ અને શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતા પ્રબોધિત દિવ્ય, ગહન, પરમ જ્ઞાનને જનસામાન્યનાં જીવનમાં સહજ બનાવવાના રાજમાર્ગરૂપી શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના દ્વારા શ્રીહરિએ ગુણાતીત સાધુના યોગે મોક્ષદ્વારની પ્રતીતિ કરાવી. પરબ્રહ્મ પુરુષોત્તમ તત્ત્વના ધારક ગુણાતીત અક્ષરરૂપ સાધુ દ્વારા પ્રભુ સ્વયં આ ધરાતલ પર સદાય પ્રગટ અને પ્રત્યક્ષ રહેશે તેવા શ્રીહરિનું અભય વરદાન એ આપણાં સૌ પર અને આવનારી સર્વ મુમુક્ષુ જીવ–પ્રાણીમાત્રની ભવિષ્યની પેઢીઓ પર શ્રીહરિની અપાર કરુણાસભર કૃપાશિષ છે.

શ્રીહરિની આ કરુણાસભર કૃપાશિષ બ્રહ્મસ્વરૂપો સર્વશ્રી ભગતજી મહારાજ, શ્રી કૃષ્ણજી અદા, શ્રી જાગા સ્વામી, શ્રી શાસ્ત્રીજી મહારાજ, શ્રી યોગીજી મહારાજ, શ્રી કાકાજી મહારાજ, શ્રી પપ્પાજી મહારાજ, શ્રી હરિપ્રસાદ સ્વામીજી મહારાજ, શ્રી અક્ષરવિહારી સ્વામીજી મહારાજ, શ્રી ગુરુજી મહારાજ, શ્રી પ્રેમસ્વરૂપ સ્વામીજી મહારાજ સહિત અનેક ગુણાતીત સંતપરંપરા દ્વારા જીવંત રહી છે.

આપણાં સૌ માટે પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી આજે આ જ ગુણાતીત સંતપરંપરાના પ્રત્યક્ષ ભગવદ્‌ સ્વરૂપ ગુણાતીત સંત છે.

ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપના મહિમાને સમજાવતાં સ્વયં પ્રભુ શ્રીજી મહારાજે 'વચનામૃત ગઢડા પ્રથમ ૯'માં કહ્યું કે, **"...જે પ્રત્યક્ષ ભગવાનને વિશે દૃઢ નિષ્ઠા રાખે છે અને તેને દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ માને છે અને બીજું કાંઈ નથી ઈચ્છતો, તેને તો ભગવાન પોતે બળાત્કારે પોતાના ધામને વિષે જે પોતાનાં ઐશ્વર્ય છે અને પોતાની મૂર્તિઓ છે તેને દેખાડે છે, માટે જેને ભગવાનને વિષે અનન્ય નિષ્ઠા હોય તેને પ્રત્યક્ષ ભગવાન વિના બીજું કાંઈ ઈચ્છવું નહીં."**

આજે પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીહરિની કૃપા, અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદ અને શ્રી અક્ષરપુરુષોત્તમ તત્ત્વના ધારક સર્વ ગુણાતીત સ્વરૂપોનાં પ્રાર્થના, સંકલ્પ અને જતનનાં ફળ સ્વરૂપે ભગવાનના પ્રત્યક્ષ–પ્રગટ સ્વરૂપ વિશે શ્રીજી મહારાજે 'વચનામૃત'માં સમજાવી છે તેવી નિષ્ઠા ધરાવતો સત્સંગસમાજ વિકસી રહ્યો છે.

૨૨–૨૩ માર્ચે અનુપમ મિશન પ્રેરિત ઉપાસના ધામ, વેમારમાં પ્રગટ શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરજીનો પાટોત્સવ એ ભગવાનના પ્રત્યક્ષ ગુણાતીત ગુરુહરિ સાહેબજી પ્રતિ આવી અનન્ય નિષ્ઠા અને પરિપૂર્ણતાની અનુભૂતિનો દશાબ્દી પાટોત્સવ પર્વ છે. પૂજ્ય ચંદ્રકાંતભાઈ–પૂજ્ય શીલાબહેન, પૂજ્ય શંકરદાદા, પૂજ્ય ગોવિંદદાદા, પૂજ્ય મનુદાદા, પૂજ્ય મનીષદાદા, પૂજ્ય બલિભાઈ, પૂજ્ય મૂકેશભાઈ, પૂજ્ય સમીરભાઈ જેવાં વેમાર બાર ગામ, કાનમ–વડોદરાના ત્રિભુવન પ્રદેશના સૌ એકાંતિક સંતો, અક્ષરમુક્તોનાં જીવનમાં 'વચનામૃત' ગઢડા પ્રથમ–૯માં શ્રીજી મહારાજે સમજાવી તેવી ભાવનાના પ્રત્યક્ષ સ્વરૂપ ગુરુહરિ સાહેબજી વિશેની અનન્ય નિષ્ઠાના આ ઉત્સવને આવો, સૌ હૃદયના ભાવથી વધાવીએ ! ગુરુહરિને રાજી કરીએ !

◆

સા.શ્રે... ~ **સાધુ મનોજદાસ**